# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wedenesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ છલકાયો- મુખ્યમંત્રીએ નર્મદાના નીરના વધામણાં કર્યા**
2. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે-સાંસ્કૃતિક કાર્યક્રમ, લશ્કરી કવાયત સહિતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે**
3. **રાજ્યમાં આવતીકાલથી ખાદી અને પોલીવસ્ત્રમાં 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન વળતર અપાશે**
4. **રાજ્યમાં આજે અકસ્માતની વિવિધ ઘટનામાં 7 લોકોના મોત**
5. **આગામી બે દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની આગાહી**
6. **અમદાવાદથી ખેલ મહાકુંભ 2025નો આજે શુભારંભ**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CM NARMADA

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ છલકાતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે નર્મદાના નીરના વધામણાં કર્યા. નર્મદા બંધ 2017 બાદ છઠ્ઠી વાર સંપૂર્ણ

ભરાયો છે. આ પ્રસંગે શ્રી પટેલે સરદાર પટેલની 150મી જન્મ જયંતી અવસરે 31મી ઓક્ટોબરે યોજાનારી રાષ્ટ્રીય એક્તા દિવસની ઉજવણી અને એકતા પરેડ સહિતના કાર્યક્રમનું સ્થળ નિરિક્ષણ અને આયોજનની વિગતો મેળવી. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસે આવેલા લોકો સાથે વાતચીત પણ કરી હતી.

# CM ABVP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ-ABVPના રાજ્ય કાર્યાલય, શ્રી લેખા ભવનનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યુ આ નવું ભવન 'વિકસિત ભારત'ના નિર્માણ માટે ઊર્જા અને ઉત્સાહવાળા યુવાઓને તૈયાર કરશે. તેમણે ઉમેર્યું, છેલ્લા છ દશકથી આ ભવન વિદ્યાર્થીઓમાં જ્ઞાન, ચારિત્ર્ય અને એકતાના ગુણો વિકસાવવા ઉપરાંત રાષ્ટ્રનિર્માણની અનેક પ્રવૃત્તિઓનું પ્રમુખ કેન્દ્ર રહ્યું છે.

(બાઈટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# RAJNATH SINGH KUTCH VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન શ્રી સિંહ આજે સાંજે ભુજમાં લશ્કરી મથક ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આવતીકાલે શ્રી સિંહ લક્કીનાળા લશ્કરી મથક ખાતે મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત નિહાળશે સાથે જ શસ્ત્ર પૂજા કરશે. શ્રી સિંહના હસ્તે અહી વિવિધ નવીન સુવિધાનું લોકાર્પણ પણ કરાશે.

# CM KHADI

રાજ્યમાં આવતીકાલ ગાંધી જયંતીથી ખાદી અને પોલીવસ્ત્રમાં 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય અપાશે. સ્વદેશીના પ્રતિક ખાદીને પ્રોત્સાહન આપવા સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે. ગ્રાહકોને ખાદી ખરીદી ઉપર આ
લાભ 31 ડિસેમ્બર 2025 સુધી વળતર તરીકે મળશે.
ખાસ બજાર પ્રોત્સાહન સહાય જાહેર થવાથી રાજ્યમાં ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદન સાથે સંકળાયેલી સંસ્થાઓ , મંડળીઓના કારીગરો દ્વારા ઉત્પાદિત થતા આસન, શેતરંજી, રેશમ પટોળા, ઉની સ્વેટર, જર્સી, શાલ તેમજ ખાદીના વિવિધ તૈયાર કપડાં અને હાથ બનાવટની ચીજ વસ્તુઓના વેચાણમાં વધારો થશે.

## CABINET DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો અને પેન્શનરો માટે મોંઘવારી રાહતને મંજૂરી આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ જણાવ્યું હતું કે આનાથી આશરે ૪૯ લાખ વીસ હજાર કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૮ લાખ ૭૦ હજાર પેન્શનરોને ફાયદો થશે. આ વધારો પહેલી જુલાઈથી અમલમાં આવશે.

# SURENDRANAGAR ACCIDENT

રાજ્યમાં આજે અકસ્માતની વિવિધ ઘટનામાં 7 લોકોના મોત થયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના સરા-ધ્રાંગધ્રા માર્ગ પર કાર પલટી જતા ત્રણ મહિલા સહિત ચારનાં મોત થયા. મુળી તાલુકાના દાધોળિયા ગામથી એક મહિલાને સારવાર માટે દવાખાને લઈ જતી કારમાં નદીમાં ખાબકતા આ અકસ્માત સર્જાયો હતો. અન્ય એક ઘટના

ગીરસોમનાથ જિલ્લાના વેરાવળમાં બની હતી જ્યાં સિડોકર ગામમાં વીજ શોક લગતા ત્રણના મોત થયાના અહેવાલ છે.

## WEATHER FORECAST

આગામી બે દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , વેલમાર્ક લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાથી વરસાદી માહોલ સર્જાયો છે. ત્યારે આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યુ હતું.

(બાઇટ : રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## KHEL MAHAKUMBH

રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવી આજે અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતેથી ખેલ મહાકુંભ 2025નો શુભારંભ કરાવ્યો. શ્રી સંઘવીએ કહ્યું, યુવા રમતવીરોનું સ્વપ્ન પૂરું કરવા સરકાર કટિબદ્ધ છે. 5600 ખેલાડીઓને દર વર્ષે એક લાખ 60 હજાર રૂપિયાની સહાય દ્વારા રાજ્ય સરકાર તાલીમ આપે છે.

(બાઇટ : હર્ષ સંઘવી રમતગમત મંત્રી)

આ વખતે ખેલ મહાકુંભમાં વિક્રમજનક 72 લાખ 57 હજાર 887 લોકોએ નોંધણી કરાવી છે. ખેલ મહાકુંભમાં 6 નવેમ્બરથી 10 નવેમ્બર દરમિયાન તાલુકા કક્ષાની સ્પર્ધા, 11 નવેમ્બરથી 30 નવેમ્બર દરમિયાન જિલ્લા કક્ષાની સ્પર્ધા , એક ડિસેમ્બરથી 15 ડિસેમ્બર દરમિયાન ઝોન કક્ષાની સ્પર્ધા અને 16 ડિસેમ્બરથી 17 જાન્યુઆરી દરમિયાન રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાશે.

# NAVRATRI 9TH DAY

હવે નવરાત્રીના સમાચાર..

(નવરાત્રી મ્યુઝિક)

આદ્યશક્તિની આરાધનાનું પર્વ નવરાત્રિનું આજે નવમું નોરતું છે. આજે માઁ નવદુર્ગાના નવમા સ્વરૂપ માઁ સિદ્ધિદાત્રીની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. આજે છેલ્લા નોરતે રાજ્યના શક્તિપીઠ સહિતના ધાર્મિક સ્થળોએ ભક્તોનું ઘોડાપૂર ઉમટી રહ્યું છે. બીજી તરફ ખેલૈયાઓ પણ આજે મન મૂકી ગરબા રમશે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ...

(વોઇસ કાસ્ટ : સવજી ચૌધરી)

(નવરાત્રી મ્યુઝિક)

# AKASHVANI DINESH MAKWANA

એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત 17 સપ્ટેમ્બરથી 25 સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદના લાંભામાં 75 હજાર છોડ રોપવામાં આવ્યા છે. આકાશવાણી અમદાવાદ કેન્દ્ર ખાતે હિન્દી પખવાડિયાના સમાપન સમારોહમાં અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશ મકવાણાએ આ મુજબ જણાવ્યુ હતું. તેમણે નાગરિકોને સ્વચ્છતા રાખવા અને વૃક્ષો વાવવા પણ અનુરોધ કર્યો.

(બાઇટ : દિનેશ મકવાણા, સાંસદ અમદાવાદ પશ્ચિમ)

# Pet-dog-policy

અમદાવાદ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજ થી પાલતુ શ્વાન ની નોધણી ફી 1,000ની જગ્યાએ 2000 રૂપિયા કરવામાં આવી છે. અમદાવાદમાં પેટ ડોગના હુમલાથી બાળકીના મૃત્યુની ઘટના બાદ પેટ ડોગ રાખનારા લોકો માટે ચોક્કસ પોલીસી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવી છે. AMC ટીમ ઘરે જઈ તપાસ કરશે ।પેટ ડોગ પોલીસી અંતર્ગત જો શ્વાન નું રજીસ્ટ્રેશન નહીં હોય તો શ્વાન માલિકના નળ, ગટર કનેક્શન કાપવાથી લઈ શ્વાન ને જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

1 જાન્યુઆરી 2025થી 30 સપ્ટેમ્બર 2025 સુધીના 6 મહિનામાં 16358 પાલતુ શ્વાન ના માલિકો દ્વારા 18596 જેટલા પાલતુ શ્વાન ની નોધણી થઈ છે. પશ્ચિમ વિસ્તારમાં સૌથી વધુપાલતુ શ્વાન નોંધાયેલા છે જેમાં જર્મન શેફર્ડ , લેબ્રાડોર, પામેરિયન, ગોલ્ડન રોટવીલર અને હસ્કી પ્રજાતિના ડોગનો સમાવેશ થાય છે. હજી પણ શહેરમાં અંદાજિત 30000થી વધુ પાલતુ શ્વાન ની નોધણી થઈ નથી. ન નોધાયેલા પાલતુ શ્વાન ની નોધણી તેના માલિકે 31 ડિસેમ્બર 2025 સુધી કરવી પડસે. .નોધણી માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ ahmedabadcity.gov.in પર જવાનું રહેશે

# Cleanliness is service

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકા ના ભીડિયા ગામ ની સરકારી કન્યા શાળા વિદ્યાર્થીનીઓ દ્વારા ‘સ્વચ્છતા હી સેવા’ અંતર્ગત ફળ અને શાકભાજીની છાલ

તેમજ નકામા થર્મોકોલ , પ્લાસ્ટિકની બોટલો સહિતના કચરામાંથી અવનવી વિવિધ સુશોભનની વસ્તુઓ બનાવામાં આવી હતી.

"સ્વચ્છતા હી સેવા અભિયાન- અંતર્ગત કચ્છના વિવિધ ગામડાઓમાં ઠેર ઠેર સ્વચ્છતા કાર્યક્રમો તથા જનજાગૃતિની પ્રવૃતિઓ સાથે મેડિકલ કેમ્પનું આયોજન કરાયું સાથે વૃક્ષારોપણ અનેશાળાઓમાં પ્લાસ્ટિક મુક્ત પહેલ સાથે સફાઈ કામગીરી કરાઈ